વિકૃતીયા હવસખોરો ફાટીને ધૂમાડેઃ વધુ બે ખળભળાટ મચાવતી ઘટના બની

# છ વર્ષની બાળા અને પંદર વર્ષની સગીરા પર બળાત્કાર

## બાળાને ઢગો પડોશી લલચાવી એકાંતમાં લઇ ગયો ને બળજબરી આચરીઃ સગીરાને પ્રેમીએ પીંખી નાંખીઃ પછી ફોટા વાયરલ કરવાની ધમકી દઇ બોયફ્રેન્ડના ત્રણ મિત્રોએ પણ કરી બ્લેકમેઇલઃ બંને ઘટનામાં હવસખોરો ઝડપાયા

રાજકોટઃ વિકૃત હવસખોરો ગમે ત્યારે ગમે તેને પોતાની શૈતાનીયતનો શિકાર બનાવી લેતાં હોય છે. રોજબરોજ રાજ્યના કોઈ ને કોઈ ગામ કે શહેરના પોલીસ સ્ટેશનમાં આ પ્રકારની ઘટનાની એફઆઈઆર દાખલ થતી રહે છે. અમુક કિસ્સામાં તો સગો બાપ કે સાવકો બાપ પણ પોતાની દિકરીના દેહ પીંખી નાંખતો હોવાના કિસ્સા બન્યા છે. વધુ બે બળજબરીની ઘટના સામે આવી છે જેમાં એક છ વર્ષની બાળાને પડોશમાં જ રહેતો એક હવસખોર લલચાવીને એકાંત જગ્યાએ લઈ ગયો હતો અને તેની સાથે બળાત્કાર ગુજારી લીધો હતો. બીજી એક ઘટનામાં પંદર વર્ષની સગીરાને બોયફ્રેન્ડે ફસાવી દેહ પીંખી નાંખ્યો હતો. ઈન્સ્ટાગ્રામ થકી આ ઢગાએ સગીરાને ફસાવી હતી. પોતે બળજબરી આચરી લીધા પછી પોતાના ત્રણ મિત્રોને તાબે થવાના ખેલ પણ તેણે ખેલ્યા હતાં. ફોટા-વિડીયો વાયરલ કરવાની ધમકી દઈ આ ત્રણેય મિત્રોએ પોતાની સાથે પણ સંબંધ બાંધવા ધમકાવી હતી.

ચોંકાવનારી પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો આ બનાવ સુરત જિલ્લાના કોસંબા વિસ્તારમાં બન્યો છે. અહિ છ વર્ષની માસૂમ બાળકી સાથે પાડોશમાં રહેતા વિક્રમ હનુમાન ઠાકોર નામના શખ્સે દુષ્કર્મ આચર્યું હતું. બપોરના સમયે આરોપી વિક્રમ ઠાકોરે બાળકીને લલચાવીને એકાંત જગ્યાએ લઈ ગયો હતો. ત્યાં તેણે બાળકી સાથે અશ્લીલ હરકતો કરી દુષ્કર્મ આચર્યું હતું. હેવાનીયત આચરી લીધા બાદ તે બાળકીને પરત મુકીને ગાયબ થઇ ગયો હતો. પોતાની સાથે ન થવાનું થયું હોઇ બાળકી ઘરે પહોંચી પછી તેની હરકતો વર્તન બદલી ગયા હતાં. દિકરીની હાલત જોતાં જ માતાને નડકી કઈ અજુગતુ થયું છે તેવી શંકા ઉપજી હતી. તેણે દિકરીને ફોસલાવીને પુછતાછ કરતાં દિકરીએ જે વિગતો જણાવી હતી તે સાંભળી પરિવારજનો ખળભળી ગયા હતાં.

બાળકીએ પોતાની સાથે વિક્રમકાકાએ ખરાબ કર્યુ છે તેમ કહેતાં જ પરિવારજનો બાળકીને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા હતા. હોસ્પિટલમાં ડોકટરની પૂછપરછ દરમિયાન પણ



બાળકીએ વિક્રમ ઠાકોરે પોતાની સાથે ખરાબ કર્યું છે તેમ કહેતાં તબિબે તપાસ કરતાં બળાત્કાર થયાનું સામે આવતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. પોતાનું નામ બાળકીએ આપી દીધુ છે તેની ખબર પડતાં જ વિક્રમ ભાગી ગયો હતો. જો કે કોસંબા પોલીસને જાણ થતાં તેમણે તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી આરોપીની શોધખોળ શરૂ કરી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીની ધરપકડ કરી લીધી હતી. આરોપી વિરૂધ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીનું મેડિકલ ચેકઅપ કરાવ્યું હતું. પોલીસે એફએસએલની ટીમની મદદથી પુરાવા એકત્રિત કરી રહી છે, આરોપીને કડકમાં કડક સજા થાય એ તમામ પુરાવા પોલીસ એકત્રિત કરી રહી છે અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી એક લાલબત્તી સમાન ઘટનામાં વધુ એક વખત ઈન્સ્ટાગ્રામ થકી ફ્રેન્ડ બનેલો શખ્સ હવસખોરી આચરી ગયો છે. આ બનાવ બારડોલીમાં બન્યો છે. અહિ એક સગીરા સાથે થયેલી બળજબરીનો કિસ્સો સામે આવ્યો છે. આરોપી રોનિત પાંડેએ સોશિયલ મીડિયા પર સગીરા સાથે મિત્રતા કેળવી હતી. તેણે સગીરા સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ પછી રોનિતે આ વાત તેના ત્રણ મિત્રો દીપાંશુ તોમર, શની રાજપુત અને કૃણાલ પારેખને કરી હતી. ત્રણેય આરોપીઓએ સગીરાને ઈન્સ્ટાગ્રામ પર ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી હતી. દીપાંશુએ સગીરાને રોનિત સાથેના સંબંધોના ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી. આરોપીઓએ સગીરાને તેમની સાથે સંબંધ બાંધવા માટે દબાણ કર્યું હતું. સગીરાએ બારડોલી ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ચારેય આરોપીઓની ધરપકડ કરી લીધી હતી.

તપાસમાં જાણવા મળ્યું છે કે રજની ગંધા રો હાઉસમાં રહેતો કૃણાલ પારેખ પહેલા પણ અનેક યુવતીઓને લગ્નની લાલચ આપીને પ્રમજાળમાં ફસાવી ચૂક્યો છે. હવે મિત્રની ગર્લફ્રેન્ડ સાથે તેણે બ્લેકમેઈલીંગ થકી સંબંધ બાંધવા પ્રયાસ કર્યો હતો. આ પ્રકારના કિસ્સા ખુબ વધી ગયા છે. સોશિયલ મિડીયા થકી કોઈની પણ સાથે મિત્રતા બાંધતા પહેલા સો વખત વિચાર કરવાનો આ સમય છે. ચેતતા રહેવું દરેક માટે જરૂરી બની ગયું છે.



